# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**પેટલાદ પાલિકાએ પર્યાવરણના વિનાશ માટે લીધેલા નિર્ણય સામે તત્કાલિન ચીફ ઓફિસ હિરલ ઠાકરે દાદ માંગી**

# પેટલાદમાં વૃક્ષછેદન મુદ્દે પાલિકાને પ્રા.કમિશ્નરનું તેડું

**3 સ્થળે** થનારા ‘વિનાશક’ વિકાસ સામે પ્રાદેશિક કમિશનનો સ્ટે

(પ્રતિનિધિ) પેટલાદ તા.1

પેટલાદ નગરપાલિકાના શાસકો વિકાસની આંધળી દોટમાં પર્યાવરણનો ખો કાઢી રહ્યાં છે. તેમાંય કોમ્યુનિટી હોલ માટે ઘેઘુર આંબાના નિકંદનનો નિર્ણય લેતા પર્યાવરણપ્રેમીઓમાં પણ રોષ ઉઠ્યો છે. કારણ કે આ અગાઉ પાલિકાએ તળાવના બ્યુટિફિકેશનના નામે સોથી વધુ વૃક્ષો કાપી નાંખી પર્યાવરણને ભારે નુકશાન પહોંચાડ્યું છે. આવા એક નહીં પણ ત્રણ સ્થળે વૃક્ષ કાપવાના નિર્ણયો લઇ બુદ્ધિનું દેવાળું ફુક્યું છે. જોકે, આ મામલે તત્કાલિન ચીફ ઓફિસર હિરલ ઠાકરે રિજીયોનલ મ્યુનિસિપલ કમિશનરમાં દાદ માંગતા તાત્કાલિક સ્ટે આપવામાં આવ્યો છે અને 8મી એપ્રિલના રોજ પાલિકાને વધુ સુનાવણી અર્થે બોલાવવામાં આવ્યાં છે.

પેટલાદ નગરપાલિકાના સત્તાધિશો અને અધિકારીઓ દ્વારા વિકાસલક્ષી કામો માટે તઘલખી નિર્ણયો લેવામાં આવ્યા છે. શહેરના ત્રણેક વિસ્તારોમાં જુદા જુદા કામો માટે વૃક્ષોનું નિકંદન નીકળી જાય તેવા નિર્ણયો લેવાતા પર્યાવરણ પ્રેમીઓમાં આક્રોશ ફેલાયો છે. આવા વિનાશક વિકાસ સામે તત્કાલિન ચીફ ઓફીસર હિરલ ઠાકરે પ્રાદેશિક કમિશ્નરને લેખિતમાં રજુઆત કરી મનાઈ હુકમ મેળવવાની કાર્યવાહી હાથ ધરી હતી. પેટલાદ પાલિકા દ્વારા ખોટા નિર્ણયો લેવાયા હોવાનું પ્રાથમિક તારણ સામે આવતા પ્રાદેશિક કમિશ્નર વડોદરાએ કોમ્યુનિટી હોલ સહિતના ત્રણેય કામો સામે મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ ઉપરાંત વૃક્ષછેદન કરવા માટેના આધાર પુરાવા રજુ કરવાનો આદેશ 8મીએ હાજર થવું કહેતાં ચકચાર મચી જવા પામી છે.

પેટલાદ શહેર અને આજુબાજુના વિસ્તારોમાં કોંક્રીટના જંગલો ખડકાઈ રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર રહેણાંક અને કોમર્શિયલ કોમ્પલેક્ષો બની



પેટલાદમાં કોમ્યુનિટી હોલ માટે ચારસો આંબાનું નિકંદન નિકળશે

બાંધકામ તો માત્ર 200 ચોમીનું જ છે

આંબા પણ ઉખાડવા પડે, એમાં મોટું શું છે ?

ફક્ત 1200 ચોરસ મીટર માટે 11 હજારના પ્લોટની પસંદગી કેમ ?

રહ્યા છે. જેથી વરસાદી પાણીનો સંગ્રહ અને નીકાલનો પ્રશ્ન વધતો જતો જોવા મળી રહ્યો છે. શહેરના ત્રણેક સ્થળોએ વૃક્ષોનું નિકંદન કરી વિનાશક વિકાસ કરવા સત્તાધિશો આગળ વધી રહ્યા છે. તાજેતરમાં વોર્ડ નં.2માં અમલી ટાઉન પ્લાનિંગ સ્કીમ 1ના ફાઈનલ પ્લોટ નં.34/એ ઉપર આંબેડકર ભવન બનાવવા સંદર્ભે ઠરાવ સત્તાધિશોએ કર્યો હતો. ઉપનગર કેન્દ્ર તરીકેના આ પ્લોટ ઉપર હાલ લગભગ 400થી વધુ આંબા કેરીના ફળ સાથે જોવા મળે છે. આ ઉપરાંત ધોબીકુંડ તળાવ પાસે અંદાજીત 143 જેટલા વૃક્ષોનું નિકંદન કાઢી વિનાશક વિકાસ થઈ રહ્યો છે. શહેરની પીબીએમ ચાલી પાસે 50 જેટલા ચંપાના વૃક્ષોનું નિકંદન કાઢી ટોઈલેટ બ્લોક બનાવવાનો તઘલખી નિર્ણય પણ આ સત્તાધિશોએ જ લીધો છે. આમ આશરે 600થી વધુ વૃક્ષોના નિકંદન કરવાના જવાબદાર સત્તાધિશો સામે તત્કાલિન ચીફ ઓફીસર હિરલ ઠાકરે મોરચો ખોલ્યો છે. હાલ હાલોલના ચીફ ઓફીસર હિરલ ઠાકરે પ્રાદેશિક કમિશ્નર સમક્ષ કલમ 258 હેઠળ લેખિતમાં અરજી કરી હતી. આ અરજીના વિવાદી તરીકે પેટલાદ પાલિકાના પ્રમુખ જીજ્ઞેશ જોષી, ચીફ ઓફીસર કૃણાલ પટેલ અને કારોબારી ચેરમેન જય પટેલને બતાવવામાં આવ્યા છે.

આ અરજીમાં હિરલ ઠાકરે ઉલ્લેખ કર્યો છે કે, પેટલાદ ખાતે વિનાશક વિકાસના કામો થઈ રહ્યા છે. શહેરના વોર્ડ નં.2માં મધર ટેરેસા નગર ખાતે સરકારનો ઇડબલ્યુએસ પ્લોટ

પહેલા



પછી



તસવીરઃ વિનાયક આણંજીવાલા

ખાલી હોવા છતાં આવક તથા પર્યાવરણની રીતે ફાયદાકારક આંબાવાડીયાની જગ્યાએ કોમ્યુનિટી હોલ બનાવવાનો નિર્ણય પેટલાદ પાલિકાએ લીધો છે. આ ઉપરાંત ધોબીકુંડ પાસે વર્ષ 2019માં 143 જેટલા વૃક્ષો ઉછેરવામાં આવ્યા હતા. જે પૈકી કેટલાકનું નિકંદન કાઢી નાંખી બ્યુટિફીકેશનના નામે ટોઈલેટ બ્લોક બનાવી રહ્યા છે. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે આ સ્થળેથી માત્ર 150 મીટરના અંતરે 32 સીટ સાથેના ટોઈલેટ બ્લોક પીબીએમ ચાલી સામે આવેલ છે. આમ છતાં અહીંયા બનાવવાનો શું અર્થ ?

ચીફ ઓફીસર હિરલ ઠાકરે અરજીમાં વધુ જણાવ્યું હતું કે, નિવૃત્તિની આરે ઉભેલા પાલિકાના એન્જીનીયર જીતેશ પટેલ, ચીફ ઓફીસર પેટલાદ અને ડીઝાઈન બનાવનારી એજન્સીએ સરકારના નાણાંનો વ્યય કરી પાંચ વર્ષ ઉછેરેલા વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે. જેમાં પાલિકાના ચુંટાયેલા સભ્યોએ પણ આંખ આડા કાન કરીને આડકતરો સહકાર આપ્યો છે. આ ચાલી પાસે 50 જેટલા ચંપાના વૃક્ષોનું પણ નિકંદન કાઢવાનો નિર્ણય પાલિકાએ લીધેલો છે. જેથી આવા તમામ નિર્ણયો સામે મનાઈ હુકમની માંગ ચીફ ઓફીસર હિરલ ઠાકરે કરી હતી.

જેઓની અરજી અન્વયે પ્રાદેશિક કમિશ્નર વડોદરાએ જણાવ્યું છે કે, સરકારની સુચનાઓના અમલની ચકાસણી અને સરકારના નાણાંનું નુકશાન ધ્યાને લઈ મનાઈ હુકમ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત આંબેડકર ભવન માટેનો ઠરાવ, ધોબીકુંડ બ્યુટીફિકેશનનો ઠરાવ, વૃક્ષછેદનના આધાર પુરાવા સાથે 8મી એપ્રિલના રોજ બપોરે ૩ કલાકે પ્રાદેશિક કમિશ્નર વડોદરા સમક્ષ હાજર રહેવા જણાવ્યું છે.

### કમાઉ વૃક્ષો કાપવાનો નિર્ણય અયોગ્ય

પેટલાદના તત્કાલિન અને હાલોલના વર્તમાન ચીફ ઓફીસર હિરલ ઠાકરે મનાઈ હુકમ મેળવવા સાથે કેટલીક દાદ માંગી છે. પર્યાવરણના ભયંકર બદલાવના કારણે સરકાર વૃક્ષો વાવવાના ટાર્ગેટ આપે છે, તેવા સંજોગોમાં વૃક્ષો ઉછેરવાના બદલે કમાઉ વૃક્ષો કાપી કોંક્રીટના જંગલો બનાવવાનો નિર્ણય અયોગ્ય છે. આ આંબેડકર ભવન માટે અન્ય ઉપલબ્ધ જગ્યાએ બનાવવું જોઈએ. ધોબીકુંડ પાસે માત્ર 150 મીટરના દાયરામાં બે ટોઇલેટ બ્લોકની આવશ્યકતા નથી. સરકારી નાણાંનો સદ્ઉપયોગ થવો જરૂરી છે. હાલ ત્રણેક પ્લોટમાં વૃક્ષોનું નિકંદન કરી રહ્યા છે તો આગામી સમયમાં અન્ય સ્થળોએ ઉછેરેલા વૃક્ષોનું પણ નિકંદન કાઢી શકે તે હોવાથી પર્યાવરણને નુકશાન ના થાય અને સરકારના આદેશોનું પાલન થવું જરૂરી છે.

---

**નડિયાદ મહાનગરપાલિકામાં વિકાસ કાર્યો માટે ટેન્ડરીંગ સહિત વર્ક ઓર્ડર આપવાની કામગીરી શરૂ**

# નડિયાદના વિકાસ માટે મનપાને 22 કરોડ મળ્યા

**બાકી દેવા અને પગાર** સહિતની ચૂકવણી માટે મનપાએ 10 કરોડ ઉપરાંતની ગ્રાંટ માંગી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

રાજ્ય સરકારે નડિયાદ મહાનગરપાલિકાને 22 કરોડ રૂપિયાની ગ્રાંટ ફાળવી આપતા હવે વિકાસ કાર્યો શરૂ થશે. આ સિવાય મનપાએ સરકાર પાસે 10 કરોડ ઉપરાંતની ગ્રાંટ જૂના દેવા અને પગાર સહિતના ચુકવણા માટે માંગી હોવાની પણ વિગતો છે.

રાજ્ય સરકાર દ્વારા નડિયાદને મનપા જાહેર કર્યા બાદ વિકાસ કાર્યોને વેગ આપવા માટે 22 કરોડની પ્રથમ ગ્રાંટ ફાળવી આપી છે. આ ગ્રાંટ અન્વયે નડિયાદ શહેર સહિત આસપાસના સમાવિષ્ટ કરાયેલા ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસ કાર્યો માટે મનપા દ્વારા આયોજન શરૂ કરાયુ છે. ખાસ કરીને એન્જીનિયરીંગ વિભાગ દ્વારા આ ગ્રાંટ અન્વયે જનસુખાકારીના વિકાસના કાર્યો ધ્યાને રાખી અને ટેન્ડરો બહાર પડાયા હતા, જેના આધારે હવે અનેક વિકાસ કાર્યોના ટેન્ડરો ભરાયા બાદ છેલ્લા સપ્તાહથી ટેન્ડરો ખોલવાની પ્રક્રિયા મનપામાં ચાલી રહી છે, તો સાથે જ હવે ટેન્ડરો મંજૂર થતા મનપાએ વર્ક ઓર્ડર આપવાની તજવીજ હાથ ધરી છે. આ તરફ નડિયાદ મહાનગરપાલિકા બન્યા બાદ નગરપાલિકા સમયનો વહીવટ ટલ્લે ચઢેલો છે, બાકી દેવા અને કર્મચારીઓના પડતર પગારો સહિતની બાબતો મનપાના અધિકારીઓ માટે માથાનો દુઃખાવો બન્યા છે. આ વચ્ચે મનપા દ્વારા રાજ્ય સરકાર પાસે 10 કરોડથી વધુની ગ્રાંટની માંગણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ ગ્રાંટ આપવામાં આવશે, તો નડિયાદના નગરપાલિકા સમયના કોન્ટ્રાક્ટરોના બાકી નાણાં ચૂકવવા સહિત કર્મચારીઓની એજન્સીને પણ નાણાં ચુકવાય તેવી સંભાવના જાણકારોએ વ્યક્ત કરી છે.



### 6 કરોડ તો લાઈટબિલ બાકી

નડિયાદ નગરપાલિકા સમયથી અત્યાર સુધીનું નડિયાદ મહાનગરપાલિકાનું સ્ટ્રીટ લાઈટ અને અન્ય તમામ બિલો મળી કુલ 6 કરોડ ઉપરાંતનું લાઈટબિલ બાકી છે. જે ભરપાઈ કરવુ પણ મનપા તંત્ર માટે માથાનો દુઃખાવો બનશે.

---

**ખાણી-પીણી સહિત તમામ એકમો બંધ કરાવવા પોલીસનું પેટ્રોલિંગ**

# નડિયાદ પોલીસે દંડો પછાડ્યો રાત્રિના 11 પછી બજારો બંધ

**અસામાજીક તત્વોને** ડામવામાં પોલીસની કડક કામગીરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

નડિયાદમાં અસામાજીક તત્વોના અડ્ડાને ડામવવા માટે તંત્રએ કડકાઈ દાખવી છે. શહેરના તમામ વિસ્તારોમાં રાત્રે પેટ્રોલિંગ કરી પોલીસ દ્વારા ખાણી-પીણી સહિત તમામ સ્પોટ બંધ કરાવવામાં આવી રહ્યા છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના વસ્ત્રાલમાં અસામાજીક તત્વો દ્વારા આતંકની ઘટના બાદ રાજ્ય સરકાર સફાળી જાગી હતી અને મોટા શહેરમાં આ પ્રકારે ઘટનાઓ ન બને અને અસમાજીક તત્વો અંકુશમાં રહે તેવા પગલાં લેવા સૂચના આપી છે. જેના કારણે નડિયાદ શહેરમાં રાત્રિના સમયે 10 વાગ્યા બાદ જે ખાણી-પીણીના એકમો ધમધમતા હતા, તેના પર ટાઉન પોલીસે તવાઈ બોલાવી છે. રાત્રિના સમયે પોલીસ કાફલો પેટ્રોલિંગમાં નીકળે છે અને આ દરમિયાન જે કોઈ એકમો ચાલુ હોય, તેને ત્વરીત બંધ કરાવી દેવાય છે. તેમજ જ્યાં પણ લોકો ટોળે વળ્યા હોય, તેમને પણ વિખેરવા સહિત જાહેરમાં મેળાવળો ન થાય તે માટે પોલીસ સતર્કતા દાખવી રહી છે.

આમ છતાં, હજુ પણ જાહેર માર્ગો પર અનેક સ્થાનોએ લોકોના ટોળા યથાવત હોય છે, પોલીસના ગયા બાદ પણ એકમો ફરી શરૂ કરાતા હોવાની પણ સ્થિતિ સર્જાઈ રહી છે, જેથી પોલીસ દ્વારા વધુ કડકાઈ દાખવવામાં આવે તેવી લાગણી પ્રવર્તી છે.

---

# પોરડા પાસે કાર હડફેટે બાઈક સવાર વૃદ્ધનું મોત

**મહેળાવ** સ્વામિના. મંદિરે શાકભાજી આપવા જતાં હતા

(પ્રતિનિધિ) પેટલાદ તા.1

પેટલાદના ચાવડી બજારમાં રહેતાં ભાવિક ઉર્ફે ભયલું કિર્તીકાન્ત કાછીયા પટેલના પિતા કિર્તીકાન્ત પરસોત્તમદાસ કાછીયા (ઉ.વ.69) શાકભાજીનો વેપાર કરતાં હતાં. કિર્તીકાન્ત નિત્યક્રમ મુજબ 31મી માર્ચના રોજ સવારના નવેક વાગ્યાના સુમારે ઘરેથી એક્ટિવા લઇ મહેળાવ સ્વામિનારાયણ મંદિરમાં શાકભાજી આપવા નિકળ્યાં હતાં. પરંતુ પોરડા પાસે તેમને અકસ્માત નડ્યો હતો. આ અંગેની જાણ થતાં ભાવિક તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. આ અંગે તપાસ કરતાં પોરડા ગામના બસ સ્ટેન્ડ પહેલા વળાંક પર નાના મંદિર નજીક પુરપાટ ઝડપે ધસી આવેલી ગાડીના ચાલકની બેદરકારીથી રોંગસાઇડમાં હંકારી કિર્તીકાન્તના એક્ટિવાને ટક્કર મારી હતી. જેના કારણે કિર્તીકાન્તને ગંભીર ઈજા પહોંચતાં સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જોકે, આ અકસ્માત બાદ કાર પણ પલ્ટી ગઈ હતી.

આ અંગે ભાવિકે કાર નં.જીજે 7 ડીએ 2709ના ચાલક સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

**મહુધાના બે યુવાન વણાકબોરીમાં ન્હાવા ડૂબ્યા તે દરમિયાન ઊંડા પાણીમાં ગરકાવ થયાં**

# બાલાસિનોર પાસે વણાકબોરીમાં બે ડૂબ્યાં

**યુવાનોની** શોધખોળ માટે એનડીઆરએફની મદદ લેવામાં આવી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.1

બાલાસિનોર પાસે વણાકબોરી ડેમમાં બે યુવક ડૂબ્યા હોવાની જાણ થતાં સ્થાનિક પોલીસે તરવૈયાની મદદથી શોધખોળ હાથ ધરી હતી. પરંતુ મોડે સુધી કોઇ પત્તો ન લાગતા આખરે એનડીઆરએફની મદદ લેવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં આ બન્ને યુવક મહુધા હોવાનું ખુલ્યું છે.



બાલાસિનોરના વણાકબોરી ડેમમાં મંગળવારના રોજ બપોરના સુમારે ન્હાવા પડેલા બે યુવક ડૂબી ગયાં હતાં. આ અંગે ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી અને તરવૈયાની મદદથી બન્ને યુવકની શોધખોળ હાથ ધરી હતી. જોકે, મોડે સુધી કોઈ પત્તો લાગ્યો નહતો. આથી, વધુ શોધખોળ માટે એનડીઆરએફને જાણ કરવામાં આવી હતી. જેના પગલે ખાસ સાધનોથી સજ્જ એનડીઆરએફની ટીમ પહોંચી હતી અને શોધખોળ હાથ ધરી હતી. બાલાસિનોર પોલીસની પ્રાથમિક તપાસમાં બન્ને યુવક મહુધાના વતની છે. જેમાં મહંમદહસન (ઉ.વ.27) અને સલમાન મલેક (ઉ.વ.35) હોવાનું જાણવા મળ્યુ છે. હાલ સમગ્ર મામલે એનડીઆરએફ ટીમ શોધખોળ હાથ ધરી છે. અલબત્ત, મોડી સાંજ સુધી કોઈ પત્તો લાગ્યો નહતો. આ ઘટનાના પગલે આસપાસના ગ્રામજનો પણ મોટી સંખ્યામાં સ્થળ પર પહોંચ્યાં હતાં.

---

# નડિયાદમાં રામનવમીની ભવ્ય ઉજવણી કરાશે

**યોગી ફાર્મ ખાતે** 3જીથી 5મી એપ્રિલ કથા - પ્રવચન યોજાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

નડિયાદ શહેરના બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના યોગી ફાર્મ ખાતે ચૈત્ર સુદ 9ના દિવસે શ્રી સ્વામિનારાયણ ભગવાનનો 244મો દિવ્ય જન્મોત્સવ તથા ભગવાન શ્રી રામચંદ્રજીના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ધાર્મોત્સવ નિમિત્તે 3જીથી 5મી એપ્રિલ દરમિયાન કથા - પ્રવચન, શ્રીહરિ લીલા સહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો જન્મ સંવત 1837ના ચૈત્ર સુદ 9, સોમવાર, રાત્રિએ 10-10 વાગ્યે, અયોધ્યા નજીક આવેલા છપૈયા ગામમાં થયો હતો. આ જ પવિત્ર દિવસે ભગવાન રામચંદ્રજીનો પણ જન્મ થયો હતો. આ પવિત્ર દિવસે હરિભક્તો શ્રીહરિના લીલા ચરિત્રો તથા શાશ્વત પાઠનું સ્મરણ કરે છે. નડિયાદ ખાતે આવેલા બીએપીએસ સ્વામિનારાયણ સંસ્થાના યોગી ફાર્મ, નડિયાદ ખાતે 3જીથી 5મી એપ્રિલ, દરરોજ રાત્રે 8-30થી 10-30 દરમિયાન સંસ્થાના વરિષ્ઠ સંતોના કથા-પ્રવચન દ્વારા શ્રીહરિ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

---

# નિવૃત શિક્ષકને બંધક બનાવી ઘરમાંથી સવા બે લાખની મત્તા લૂંટી

**રહેણાંક વિસ્તારમાં** ધોળા દિવસે લૂંટારૂઓ બેફામ બન્યા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.1

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાણે કોરણે મુકાઈ ગઈ હોય તેમ ગેરકાયદેસર પ્રવૃતિઓ કરતા ઈસમોમાં કોઈ ડર રહ્યો નથી. હવે મહુધામાં લુંટારુઓએ ધોળે દિવસે ઘરમાં ઘુસી વૃદ્ધને બંધક બનાવી અને સવા લાખ ઉપરાંતની મત્તા લૂંટીને ફરાર થઈ જતા ચકચાર મચી છે. હાલ આ મામલે પોલીસ ફરીયાદ નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે.

આ સમગ્ર મામલે પીડિત જેઠાભાઈ મકવાણાના જણાવ્યાનુસાર તેઓ બપોરના સુમારે 1.30 કલાકે મહુધા ચકલી વિસ્તારમાં આવેલા મકાનમાં મેળા પર એટલે કે પ્રથમ માળે પત્ની સાથે હતા, તે દરમિયાન એકાએક કેટલાક ઈસમો તેમના ઘરે આવી પહોંચ્યા હતા અને પાછળની રૂમમાં બેઠેલા જેઠાભાઈ પર ચાદર નાખી દીધી હતી, તે પછી જેઠાભાઈને નીચે પાડી દઈ અને તેમના હાથ-પગ બાંધી દીધા હતા અને તેમની પાસે ઘરમાં જે



કાંઈ હોય તે આપી દેવા જણાવ્યુ હતુ. આ દરમિયાન જેઠાભાઈએ ના પાડતા, આ લૂંટારુઓએ ચપ્પા જેવા હથિયારથી તેમના પગ પર ઘસરકો કર્યો હતો, આ કર્યા બાદ જેઠાભાઈએ ડરના માર્યા ઘરમાં રહેલી સામગ્રી બતાવી હતી, જેથી તિજોરીમાંથી આ ઈસમોએ 1.85 લાખ રોકડા અને જેઠાભાઈના હાથમાંથી વીંટી અને અન્ય એક કબાટમાંથી 17 હજાર રૂપિયા જેટલી રકમ કાઢી લીધી હતી અને બાદમાં ફરાર થઈ ગયા હતા.

આ સમગ્ર મામલો સામે આવતા હાલ પોલીસ સ્થળ પર પહોંચી તપાસ કરી રહી છે અને આ મામલે ગુનો દાખલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તરફ જેઠાભાઈના પત્નીને પણ આંખે જોઈ ન શકતા હોવાની પણ માહિતી મળી રહી છે.

જો કે, આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉઠ્યા છે. એકતરફ અસામજીક તત્વોને ડામવા માટે જોરશોરથી બૂમરેંગ કરવામાં આવી રહી છે, ત્યારે ખેડા જિલ્લામાં અસમાજીક તત્વોમાં પોલીસ અને કાયદાનો બિલકુલ ડર ન હોય તેવી પરીસ્થિતિ દેખાઈ રહી છે. જેના કારણે મહુધામાં મુખ્ય રહેણાંક વિસ્તારમાં ધોળા દિવસે ઈસમોએ લૂંટ ચલાવી રફુચક્કર થઈ ગયા છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225